IEDSS યોજના હેઠળના વિશિષ્ટ શિક્ષકોને અન્ય વિષયના સામાન્ય શિક્ષકોની સમકક્ષ પગાર/ભથ્થાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:બમશ/૧૦૧૭/સીસી.૬૮/ગ (પા.ફા)
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૨૬/૦૯/૨૦૧૭**

**વંચાણે લીધા:-**

**(૧)** નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા એસ.સી.એ નં. ૩૩/૨૦૦૫ અંતર્ગત આપવામાં આવેલ તા.૨૨/૦૩/૨૦૧૩નો ચુકાદો

**(૨)** નાણા વિભાગનો તા.૧૮-૩-૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી

**આમુખ:-**

રાજ્યમાં માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતા વિકલાંગ બાળકો માટે કેન્દ્ર પુરસ્કૃત માધ્યમિક સ્તરે વિકલાંગો માટેની વ્યાપક શિક્ષણ યોજના ( Inclusive Education for Disabled at Secondary Stage – IEDSS ) કાર્યરત છે. આ યોજનાનો હેતૂ ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવાનો છે. આ યોજના હેઠળ કાર્યરત વિશિષ્ટ શિક્ષકોને તેની કામગીરીનો પ્રકાર અને કાર્યભારણ ધ્યાને લઇ ફક્ત પગાર ચૂકવવામાં આવતો હતો. આ બાબત ધ્યાને લઇ આ વિશિષ્ટ શિક્ષકો દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ નં.૩૩/૨૦૦૫ દાખલ કરી દાદ માગી હતી. એસ.સી.એ નં.૩૩/૨૦૦૫ અંતર્ગત નામ. ગુજ. હાઇકોર્ટ દ્વારા તા.૨૨/૦૩/૨૦૧૩ના રોજ ચૂકાદા આપવામાં આવેલ છે. આ ચૂકાદા મારફતે નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા આ વિશિષ્ટ શિક્ષકોને પણ ગ્રાન્ટેડ શાળાના અન્ય વિષયના સામાન્ય શિક્ષકોને મળતાં પગાર-ભથ્થા સહિતના તમામ લાભ આપવા જણાવેલ છે. એસ.સી.એ નં.૩૩/૨૦૦૫ અંતર્ગત નામ. ગુજ. હાઇકોર્ટ દ્વારા તા.૨૨/૦૩/૨૦૧૩ના રોજ આપવામાં આવેલ ચૂકાદાનો સ્વીકાર કરવાની અને તેના અમલ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે એસ.સી.એ નં.૩૩/૨૦૦૫ અંતર્ગત નામ. ગુજ. હાઇકોર્ટ દ્વારા તા.૨૨/૦૩/૨૦૧૩ના રોજ આપવામાં આવેલ ચૂકાદાનો સ્વીકાર કરી કેન્દ્રીય પુરસ્કૃત IEDSS યોજનામાં કાર્યરત વિશિષ્ટ શિક્ષકોને રાજ્યના સહાયક અનુદાનથી ચાલતી બિનસરકારી માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં અન્ય વિષયના સામાન્ય શિક્ષકોને મળતાં પગાર-ભથ્થા સહિતના લાભો નીચેની શરતોને અધીન આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**શરતો :-**

**(૧)** IEDSS યોજનામાં કાર્યરત વિશિષ્ટ શિક્ષકોને રાજ્યના સહાયક અનુદાનથી ચાલતી બિનસરકારી માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં અન્ય વિષયના સામાન્ય શિક્ષકોને મળતાં પગાર-ભથ્થાના લાભો જેટલાં અને જેવા જ લાભો મળવાપાત્ર થશે. આ સિવાયના કોઇ લાભ મળવાપાત્ર નથી.

**(૨)** આ વિશિષ્ટ શિક્ષકોને નાણા વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી થી તા.૧-૪-૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના (New Defined Contribution Pension Scheme) લાગુ પાડવાની રહેશે.

(પાછળ જૂઓ)

(૩) આ પગારભથ્થાનો લાભ તેમની નિયમિત નિમણૂંકની તારીખથી મળવાપાત્ર રહેશે. પરંતુ સુઓ મોટો નં.૩૩/૨૦૦૫ અંતર્ગત તા.૨૨/૦૩/૨૦૧૩ના ચુકાદાના ફકરા ૩૬ મુજબ નિયમિત નિમણૂંક થી આ કેસના ચુકાદાની તારીખ સુધીના અન્ય સામાન્ય શિક્ષકોની સમકક્ષ મળવાપાત્ર લાભો કાલ્પનિક (Notional) ગણવાનો રહેશે. આ હુકમ અન્વયે તેમને મળવાપાત્ર લાભોનું બાકી લ્હેણું (Arrears) મળવાપાત્ર રહેશે નહિ. આમ, તા.૨૨/૦૩/૨૦૧૩થી વિશિષ્ટ શિક્ષકોને પણ રાજ્યના સહાયક અનુદાનથી ચાલતી બિનસરકારી માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં અન્ય વિષયના સામાન્ય શિક્ષકોની સમકક્ષ લાભ મળવાપાત્ર બનશે.

(૪) આ યોજનામાં કાર્યરત વિશિષ્ટ શિક્ષકો કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવેલી શૈક્ષણિક અને અન્ય જરૂરી / આનુષંગિક લાયકાત ધરાવતાં હોવા જોઈશે.

(૫) આ વિશિષ્ટ શિક્ષકો ભવિષ્યમાં સરકાર નક્કી કરે તે પરીક્ષા/પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની શરતે નોકરીમાં ચાલુ રહી શકશે. તેમજ રાજ્યના સહાયક અનુદાનથી ચાલતી બિનસરકારી માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં અન્ય વિષયના શિક્ષકોની જેમ જ નિયમિત નિમણૂક મેળવવાની નિયત પ્રક્રિયામાંથી પ્રસાર થવાનું રહેશે. આમ ન થવાના સંજોગોમાંમાં તેની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે.

(૬) આ વિશિષ્ટ શિક્ષકોના પ્રમાણમાં સંબંધિત શૈક્ષણિક સંસ્થામાં જ વિશિષ્ટ શિક્ષક દીઠ નિયત થયેલ ધોરણ મુજબના વિદ્યાર્થીઓની સંખ્યા હોવી જોઈશે.

(૭) સંબંધિત શૈક્ષણિક સંસ્થામાં વિશિષ્ટ શિક્ષક દીઠ નિયત થયેલ ધોરણ મુજબના વિદ્યાર્થીઓની સંખ્યા છે તે મુજબનું પ્રમાણપત્ર સંબંધિત શાળા/મંડળ/સંસ્થા દ્વારા આચાર્યની સહીથી દર ત્રણ માસે પગાર બીલ સાથે રજૂ કરવાની રહેશે. આમ ન થવાના સંજોગોમાં સંસ્થામાં વિકલાંગ વિદ્યાર્થીઓની નિયત ધોરણ મુજબની સંખ્યા નહીં હોવાનું માની આગળની કાર્યવાહી સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૮) ચકાસણી દરમિયાન કે અન્ય રીતે સંબંધિત શૈક્ષણિક સંસ્થામાં વિશિષ્ટ શિક્ષક દીઠ નિયત થયેલ ધોરણ મુજબના વિદ્યાર્થીઓની સંખ્યા જણાશે નહીં, તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે અને આ સંજોગોમાં આ સંસ્થાની માન્યતા પણ રદ કરવામાં આવશે.

(૯) **IEDSS યોજના ભારત સરકાર સહાયિત યોજના હોઇ, આ યોજના ભારત સરકાર દ્વારા બંધ કરવામાં આવે અથવા ભારત સરકાર આ યોજના માટે સહાયક અનુદાન આપવાનું બંધ કરે તે સંજોગોમાં આ તમામ વિશિષ્ટ શિક્ષકોની સેવા સમાપ્ત કરવામાં આવશે. આ બાબતે તેમનો કોઇ હક્ક દાવો રહેશે નહીં. આમ,આ અંગેની કોઇ જવાબદારી ગુજરાત સરકારની રહશે નહીં.**

(૧૦) નાણા વિભાગ દ્વારા આ મંજૂરી અન્વયે થનાર ખર્ચ શિક્ષણ વિભાગના વર્ષ ૨૦૧૭ – ૧૮ના અંદાજપત્રમાં કરવામાં આવેલી ફાળવણી પૈકી બચતમાંથી મેળવવાની રહેશે. તેમ છતાં આ બચત અપૂરતી જણાય તો ખૂટતી રકમ પૂરક માંગણી દ્વારા મેળવવાની રહેશે.

(૧૧) ઉપર મુદ્દા (૧૦) અન્વયે નિયામકશ્રી, શાળાની કચેરીએ વિભાગની બજેટ શાખાના પરામર્શમાં જરૂરી કાર્યવાહી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ લાગુ પડતા વિસ્તાર માટેના નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| **ક્રમ** | **વિસ્તાર** | **બજેટ સદર** |
|---|---|---|
| (૧) | બિન આદિજાતિ વિસ્તાર | માંગણી ક્રમાંક: ૦૦૯<br>EDN 142<br>મુખ્ય સદર – ૨૨૦૨ સામાન્ય શિક્ષણ, ૦૨ – માધ્યમિક શિક્ષણ, ૧૦૯ – સરકારી માધ્યમિક શાળાઓ, ૦૬ – રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન અમલીકરણ બાબત. ( ૨૨૦૨ – ૦૨ – ૧૦૯ – ૦૬ ) |

| | | |
|---|---|---|
| (૨) | ખાસ અંગભૂત યોજના | માંગણી ક્રમાંક: ૦૯૫<br>EDN 142<br>મુખ્ય સદર – ૨૨૦૨ સામાન્ય શિક્ષણ, ૦૨ – માધ્યમિક શિક્ષણ, ૧૦૯ – સરકારી માધ્યમિક શાળાઓ, ૦૧ – રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન અમલીકરણ બાબત. ( ૨૨૦૨ – ૦૨ – ૧૦૯ – ૦૧ ) |
| (૩) | આદિજાતિ વિસ્તાર | માંગણી ક્રમાંક: ૦૯૬<br>EDN 142<br>મુખ્ય સદર – ૨૨૦૨ સામાન્ય શિક્ષણ, ૦૨ – માધ્યમિક શિક્ષણ, ૭૯૬ – આદિજાતિ વિસ્તાર પેટા યોજના, ૨૧ – રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન અમલીકરણ બાબત. ( ૨૨૦૨ – ૦૨ – ૭૯૬ – ૨૧ ) |

આ હૂકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૦૮/૦૮/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(કે. એમ. પુરોહિત)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના:–**

* માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
* માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
* માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
* માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
* માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
* કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
* સરકારી વકીલશ્રી, સરકારી વકીલશ્રીની કચેરી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
* પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
* નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
* અ.મુ.સ.શ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* અગ્રસચિવશ્રીના અંગતસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* ઉપ સચિવશ્રી (બજેટ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
* સર્વે તિજોરી અધિકારીશ્રી ( નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફતે)
* સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી. ( નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફતે)
* કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ શિક્ષણ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
* સિલેક્ટ ફાઈલ
* ના.સે.અ. સિલેક્ટ ફાઈલ